જિલ્લામાં અકસ્માતો ઘટાડવા તંત્ર સક્રિય

જિલ્લામાં અકસ્માતો ઘટાડવા તંત્રનો એક્શન પ્લાન તૈયાર

કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષ સ્થાને માર્ગ સલામતી સમિતિની બેઠક

બ્લેક સ્પોટ દૂર કરવા, ફૂટ ઓવરબ્રિજ, ટ્રાફિક સુધારા અને ડ્રાઈવર તાલીમ સહિતના મુદ્દાઓ પર ચર્ચા

સુરતઃ સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતોની વધતી ઘટનાઓને અટકાવવા અને વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે વધુ સુરક્ષિત માર્ગ વ્યવસ્થા ઊભી કરવા જિલ્લા વહીવટી તંત્રએ વિવિધ સ્તરે કાર્યવાહી તેજ કરી છે. આ દિશામાં જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં અકસ્માતપ્રવણ સ્થળો (બ્લેક સ્પોટ) દૂર કરવા, ટ્રાફિક વ્યવસ્થામાં સુધારા લાવવા, ફૂટ ઓવરબ્રિજના કામોની પ્રગતિ, ડ્રાઈવરોને તાલીમ અને શાળાના વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેક્ટરે સંબંધિત વિભાગોના અધિકારીઓને માર્ગ અકસ્માતો ઘટાડવા માટે સમયબદ્ધ અને અસરકારક કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

GSRTCના ડ્રાઈવરોને માર્ગ સલામતીની તાલીમ મળશે

બારડોલી આરટીઓ કચેરી દ્વારા આગામી સમયમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના બસ ડ્રાઈવરો માટે એક દિવસીય માર્ગ સલામતી તાલીમ કાર્યક્રમ યોજવાની માહિતી આપવામાં આવી હતી. તાલીમ દ્વારા સુરક્ષિત ડ્રાઈવિંગ, અકસ્માત નિવારણ અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ડ્રાઈવરોને માર્ગદર્શન આપવામાં આવશે.

એન્થમ સર્કલના ટ્રાફિક પ્રશ્નના ઉકેલ માટે SVNIT તૈયાર કરશે અહેવાલ

શહેરના રિંગ રોડ પર આવેલા એન્થમ સર્કલ ખાતે વધતી ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે SVNITને કન્સલ્ટન્ટ તરીકે નિમવામાં આવ્યું છે. SVNIT દ્વારા તૈયાર કરવામાં આવનારા ટેક્નિકલ અહેવાલના આધારે ટ્રાફિક વ્યવસ્થામાં જરૂરી ફેરફારો અને સુધારાત્મક પગલાં અમલમાં મૂકવામાં આવશે, જેથી વાહનવ્યવહાર વધુ સુવ્યવસ્થિત બની શકે.

પાસ બાદ SPGનું પણ 'અનામત હટાવો અભિયાન'ને સમર્થન

હાલની વ્યવસ્થામાં અનામતનો લાભ ગરીબ અને છેવાડાના પરિવારો સુધી પહોંચતો નથી: લાલજી પટેલ

ગાંધીનગરઃ સોશિયલ મીડિયા પર ચાલી રહેલા 'અનામત હટાવો અભિયાન'ને હવે પાટીદાર સમાજના બે મોટા સંગઠનોનું સમર્થન મળતાં અનામત મુદ્દે રાજ્યમાં નવી રાજકીય અને સામાજિક ચર્ચા શરૂ થઈ છે. પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS)ના આગેવાનો દિનેશ બાંભણીયા અને વરૂણ પટેલ બાદ હવે સરદાર પટેલ ગ્રુપના અધ્યક્ષ લાલજી પટેલે પણ વર્તમાન અનામત નીતિમાં સમયાનુકૂળ સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ત્રણેય આગેવાનોએ જ્ઞાતિ આધારિત અનામતના બદલે આર્થિક ગરીબી અને જરૂરિયાતને આધાર બનાવવાની હિમાયત કરી છે.

પાસના આગેવાન દિનેશ બાંભણિયા અને વરૂણ પટેલે અનામત હટાવો અભિયાનને સમર્થન આપ્યા બાદ સરદાર પટેલ ગ્રુપ (એસપીજી) ના અધ્યક્ષ લાલજી પટેલે પણ અભિયાનને સમર્થન જાહેર કરતાં જણાવ્યું હતું કે અનામતનો લાભ જ્ઞાતિના આધારે નહીં, પરંતુ માત્ર આર્થિક ગરીબીના આધારે મળવો જોઈએ. તેમણે દાવો કર્યો કે વર્ષ 2012થી SPG દ્વારા ચલાવવામાં આવેલા આંદોલનોના પરિણામે વર્ષ 2021માં 10 ટકા EWS અનામતનો માર્ગ મોકળો થયો હતો. હાલની વ્યવસ્થામાં અનામતનો લાભ સમાજના વાસ્તવિક ગરીબ અને છેવાડાના પરિવારો સુધી પહોંચતો નથી, પરંતુ આર્થિક રીતે સંપન્ન અને શિક્ષિત પરિવારો વારંવાર તેનો લાભ લઈ રહ્યા છે.

લાલજી પટેલે સરકારને અપીલ કરતાં જણાવ્યું હતું કે જાતિ-જ્ઞાતિના ભેદભાવ વગર એવો કાયદો બનાવવો જોઈએ, જેથી કોઈપણ સમાજનો ગરીબ વ્યક્તિ અનામતનો લાભ મેળવી શકે. તેમણે જણાવ્યું કે જો સાચા જરૂરિયાતમંદ લોકો સુધી અનામતનો લાભ નહીં પહોંચે તો તે દેશના હિતમાં નહીં ગણાય.

સુરત, નવસારી, વલસાડમાં 6 બટાલિયનની સતત રાહત કામગીરી

NDRF 245 લોકોનું રેસ્ક્યુ, 852 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા

52 મુસાફરને બસમાંથી સલામત બહાર કાઢ્યા

સુરતઃ દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સક્રિય થતાં દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પૂર જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓ ઉપરાંત દાદરા અને નગર હવેલી, દમણ તથા અમદાવાદ શહેર પણ વરસાદથી પ્રભાવિત બન્યા હતા. આ કપરા સંજોગોમાં 06 બટાલિયન નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) દ્વારા વ્યાપક બચાવ, સ્થળાંતર અને રાહત કામગીરી હાથ ધરીને અનેક લોકોના જીવ બચાવવામાં સફળતા મળી છે.

22 જુલાઈ, 2026થી વરસાદની તીવ્રતા વધતાં જ 06 બટાલિયન NDRFની ટીમોને તાત્કાલિક અસરથી વિવિધ પ્રભાવિત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી હતી. જિલ્લા વહીવટીતંત્ર, ગુજરાત સરકાર, પોલીસ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, SDRF અને અન્ય સંસ્થાઓ સાથે સંકલન સાધી NDRFએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં સતત કામગીરી હાથ ધરી હતી.

NDRF દ્વારા સુરત, નવસારી, વલસાડ, અમદાવાદ, દાદરા અને નગર હવેલી તેમજ દમણમાં અત્યાર સુધી કુલ 26 પૂર રાહત અને બચાવ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન 245 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું, જ્યારે 852 નાગરિકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરાવવામાં આવ્યા હતા. 06 બટાલિયન NDRFના જવાનો હાલમાં પણ હાઈ એલર્ટ પર છે અને ચોમાસાની સિઝનમાં કોઈપણ કુદરતી આપત્તિ અથવા ઈમરજન્સી સ્થિતિનો સામનો કરવા સંપૂર્ણ તૈયારી સાથે તૈનાત છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જરૂરિયાત મુજબ તાત્કાલિક મદદ પહોંચાડવા માટે ટીમો સતત સજ્જ રાખવામાં આવી છે.

પશુ બચાવ અને રાહત સામગ્રીનું વિતરણ

પૂરગ્રસ્ત વિસ્તારોમાં NDRFએ માત્ર માનવ બચાવ કામગીરી જ નહીં, પરંતુ અન્ય રાહત કામગીરી પણ હાથ ધરી હતી. ટીમોએ અત્યાર સુધીમાં 6 મૃતદેહો રિકવર કર્યા, 9 પશુઓને સુરક્ષિત બચાવ્યા તેમજ અસરગ્રસ્ત પરિવારોને 290થી વધુ ફૂડ પેકેટ્સનું વિતરણ કર્યું હતું.

ICMAIએ ડિસેમ્બર-2026 ટર્મ પરીક્ષા માટે નોંધણી 4 ઓગસ્ટ સુધી કરી શકાશે

સુરતઃ ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા ડિસેમ્બર-2026 ટર્મની સીએમએ પરીક્ષાઓ માટે નોંધણીની અંતિમ તારીખમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ 31 જુલાઈ, 2026 સુધી નોંધણી કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી, જેને હવે લંબાવીને 4 ઓગસ્ટ, 2026 કરવામાં આવી છે. જેના કારણે નોંધણીથી વંચિત રહેલા વિદ્યાર્થીઓને વધુ એક તક મળી છે. ડિસેમ્બર-2026માં સીએમએ ફાઉન્ડેશન, ઈન્ટરમિડિયેટ અને ફાઈનલ - ત્રણેય સ્તરની પરીક્ષાઓ યોજાનાર છે. પ્રાથમિક આયોજન મુજબ પરીક્ષાઓ 10થી 17 ડિસેમ્બર, 2026 દરમિયાન યોજાય તેવી શક્યતા છે, જ્યારે ફાઉન્ડેશનની પરીક્ષા એક જ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. જ પરીક્ષાના સમયપત્રક અંગે હજુ સુધી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

યુનિ.ના બાહ્ય વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત પરીક્ષાનીતક

સપ્ટેમ્બરથી નવા નિર્ણયનો અમલ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ એક્સ્ટર્નલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે મહત્વનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી વર્ષમાં માત્ર એક વખત લેવાતી બાહ્ય અભ્યાસક્રમોની પરીક્ષા હવે વર્ષમાં બે વખત લેવામાં આવશે. આ નિર્ણયનો પ્રથમ અમલ સપ્ટેમ્બર-૨૦૨૬થી થશે, જેના કારણે નાપાસ થયેલા વિદ્યાર્થીઓને આખું વર્ષ રાહ જોવાની જરૂર રહેશે નહીં.

યુનિવર્સિટીએ સપ્ટેમ્બર-૨૦૨૬માં યોજાનારી બાહ્ય અભ્યાસક્રમોની પરીક્ષાને લઈને પરિપત્ર જાહેર કર્યો છે. એ મુજબ પરીક્ષા ફોર્મ ભરવાની અને વેરિફિકેશનની પ્રક્રિયા ૧ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી ચાલશે. આ પરીક્ષામાં સ્નાતક કક્ષાએ બીએ અને બી.કોમના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષના વાર્ષિક અભ્યાસક્રમમાં માત્ર નાપાસ થયેલા વિદ્યાર્થીઓ તેમજ અનુસ્નાતક કક્ષાએ એમએ અને એમ.કોમ પાર્ટ-૧ અને પાર્ટ-રના વાર્ષિક અભ્યાસક્રમમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. ઉપરાંત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના સેમેસ્ટર-રની મુખ્ય પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવશે. પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ પોતાના ડેશબોર્ડમાં લોગિન કરીને કોલેજ/ડિપાર્ટમેન્ટ મેનેજમેન્ટ હેઠળ ઉપલબ્ધ 'એક્સ્ટર્નલ એક્ઝામ ફોર્મ ફિલ અપ'લિંક પરથી ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે. ત્યારબાદ વિષયોની પસંદગી કરીને નિર્ધારિત પરીક્ષા કેન્દ્ર પર કાર્યાલય સમય દરમિયાન ફોર્મનું વેરિફિકેશન કરાવી પરીક્ષા ફી ભરવાની રહેશે. યુનિવર્સિટીએ સ્પષ્ટ કર્યું છે કે પરીક્ષા ફોર્મ વેરિફાઈ કરાવવા માટે વિદ્યાર્થીઓએ યુડીઆઈએસઈ કોડ અને એબીસી (ABC) આઈડી ફરજિયાતપણે ડેશબોર્ડમાં અપડેટ કરવાના રહેશે. આ વિગતો વગર પરીક્ષા ફોર્મની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે નહીં.

સુરત જિલ્લા રાહત પેકેજ માટે 3,857 ઓનલાઈન અરજીઓ

સ્થળ ચકાસણી બાદ શરૂ થશે સહાય ચૂકવણી, અરજદારો ઓનલાઈન સ્ટેટસ પણ જોઈ શકશે

વરાછા ઝોનમાંથી સૌથી વધુ 1,251 અરજી, ચોર્યાસી તાલુકો ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ ક્રમે

સુરતઃ વારસાદ અને પૂરના કારણે વેપાર-ધંધાને થયેલા નુકસાન બાદ 'સુરત જિલ્લા રાહત પેકેજ' અંતર્ગત સહાય મેળવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શરૂ કરાયેલા ઓનલાઈન પોર્ટલ પર અત્યાર સુધીમાં કુલ 3,857 અરજી નોંધાઈ છે. હાલ તમામ અરજીઓની સ્થળ પર જઈને ચકાસણી (સરવે) કરવાની કામગીરી ઝડપી ગતિએ ચાલી રહી છે. સરવે પૂર્ણ થયા બાદ સંબંધિત કમિટી દ્વારા મંજૂરી મળતા સહાયની રકમ સીધી લાભાર્થીઓને ચૂકવવામાં આવશે.

જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ સમગ્ર પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવવા માટે 'સુરત જિલ્લા રાહત પેકેજ (SDRP)' નામનું ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે અસરગ્રસ્ત વેપારીઓ અને નાના ધંધાર્થીઓને સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂરિયાત વિના ઘરબેઠા અરજી કરવાની સુવિધા મળી છે. પ્રાપ્ત વિગતો મુજબ કુલ 3,857 અરજીમાંથી 3,679 અરજી શહેરી વિસ્તારની જ્યારે 178 અરજી ગ્રામ્ય વિસ્તારની છે.

ગ્રામ્ય વિસ્તારમાં ચોર્યાસી તાલુકો પ્રથમ ક્રમે

ચોર્યાસી	126
કામરેજ	38
પલસાણા	8
ઓલપાડ	3
બારડોલી	1
માંગરોળ	1
માંડવી	1

વરાછા ઝોનમાં સૌથી વધુ નુકસાનની અરજીઓ

ઈસ્ટ ઝોન-એ (વરાછા)	1,251
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)	803
ઈસ્ટ ઝોન-બી (સરથાણા)	706
સાઉથ ઝોન-એ (ઉધના)	449
નોર્થ ઝોન (કતારગામ)	199
સેન્ટ્રલ ઝોન	109
સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)	101
સાઉથ ઝોન-બી (કનકપુર)	58
વેસ્ટ ઝોન (રાંદેર)	3

વલસાડ-સુરત વચ્ચે નવી મેમુ લોકલ ટ્રેન દોડશે

13 સ્ટેશન પર સ્ટોપેજ હોવાથી નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને દૈનિક મુસાફરોને મોટી રાહત

સુરતઃ પશ્ચિમ રેલવેના લાખો દૈનિક મુસાફરો માટે મોટા અને સારા સમાચાર સામે આવ્યા છે. રેલ મંત્રાલય દ્વારા વલસાડ અને સુરત વચ્ચે નવી મેમુ ટ્રેન નંબર 69149 શરૂ કરવા માટે સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. રેલવે બોર્ડ દ્વારા આ અંગે પશ્ચિમ રેલવેને અધિકૃત મંજૂરી પત્ર મોકલીને વહેલી તકે અનુકૂળ તારીખથી આ ટ્રેનનું સંચાલન શરૂ કરવાના નિર્દેશો આપવામાં આવ્યા છે. જો જરૂર પડશે તો આ ટ્રેનનું ઉદ્ઘાટન સ્પેશિયલ ટ્રેન તરીકે કરીને બાદમાં તેને નિયમિત સેવામાં જોડવામાં આવશે.

આ નવી મેમુ ટ્રેન દરરોજ બપોરે 1:20 વાગ્યે વલસાડથી રવાના થશે અને સાંજે 4:40 વાગ્યે સુરત સ્ટેશને પહોંચશે. રસ્તામાં આ ટ્રેન જોરાવાસણ, ડુંગરી, બિલીમોરા, અમલસાડ, અંચેલી, વેડછા, ગાંધી સ્મૃતિ, નવસારી, મરોલી, સચીન, ભેસ્તાન અને ઉધના સહિત કુલ 13 સ્ટેશનો પર થોભશે. આ ટ્રેનનું પ્રાથમિક મેન્ટેનન્સ વડોદરા ખાતે કરવામાં આવશે તેમજ તેનું રેક હાલની 69139 બોરીવલી-વલસાડ મેમુ ટ્રેન સાથે લિંક રહેશે. આ નવી સેવા શરૂ થવાથી સુરત, નવસારી અને વલસાડ વચ્ચે રોજબરોજ અપડાઉન કરતા નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ, નાના વેપારીઓ અને અન્ય દૈનિક પ્રવાસીઓને મોટો ફાયદો થશે. હાલના સમયમાં આ રૂટ પર મુસાફરી કરતા હજારો મુસાફરોને ભારે ભીડભાડ અને મર્યાદિત લોકલ સેવાઓના કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. નવી મેમુ ટ્રેન શરૂ થવાથી પ્રવાસ વધુ સુવિધાજનક બનશે.

પરિવારના ઠપકાથી જંબુસરની કિશોરી ભાગીને સુરત આવી ગઈ

બિહાર જવા માટે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં બેઠી હતી

સુરત રેલવે પોલીસની શી ટીમની સતર્કતાના લીધે કિશોરી તેના ઘરે પરત જઈ શકી

સુરતઃ માતા-પિતાએ ઘર કામ બાબતે ઠપકો આપતા 15 વર્ષની કિશોરી ઘરેથી ભાગી સુરત રેલવે સ્ટેશન પર પહોંચી ગઈ હતી. તે બિહારની ટ્રેનની રાહ જોઈને પ્લેટફોર્મ નંબર 1 પર બેઠી હતી ત્યારે સુરત રેલવે પોલીસની શી ટીમની તેની પર નજર પડી હતી. પૂછપરછ કરી હકીકત જાણી શી ટીમે કિશોરીનો કબ્જો વાલીઓને સોંપ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત રેલવે સ્ટેશન પર શી ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે પ્લેટફોર્મ નંબર 1 ઉપર વેઈટિંગ એરિયામાં એક કિશોરી એકલી બેઠેલી નજરે પડી હતી. તેની પૂછપરછ કરતાં કિશોરીએ પોતે બિહાર જવાની હોવાનું કહ્યું હતું. વાલીવારસો વિશે પૂછપરછ કરતાં કોઈ હકીકત જણાવી ન હતી. તેથી શી ટીમે કિશોરીને સાંત્વના આપી ચાઈલ્ડ કોર્નરમાં લાવી તેનું નામઠામ પૂછ્યું હતું. કિશોરી પોતે જંબુસરની હોવાનું જણાવ્યું હતું. તેથી કિશોરીના ફોટા સહિતની માહિતી જંબુસર પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવી હતી. કિશોરીએ જણાવેલા સરનામે પોલીસે તપાસ કરતાં તેણીના મામા મળી આવ્યા હતા. મામાએ કહ્યું કે કિશોરીને તેની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપ્યો હતો. તેથી ગુસ્સે થઈ કિશોરી ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર નીકળી ગઈ હતી. તેને શોધવા તેના માતાપિતા વતન ગયા હતા. માતા-પિતાના કહેવાથી કિશોરીનો કબ્જો મામા-મામીને સોંપવામાં આવ્યો હતો.

ચોર્યાસી ડેરીમાં રજિસ્ટ્રારનો કલમ 86 હેઠળ તપાસનો આદેશ

પ્રમુખ, ઉપપ્રમુખ સામે ખોટાં બિલ બનાવી નાણાકીય ગેરરીતિ આચરવાનો અને કર્મચારીઓનાં PF-ગ્રેચ્યુઈટીનાં નાણાં વાપરી નાંખવાનો આરોપ

સુરતઃ સુરતના સહકારી ક્ષેત્રની સૌથી જૂની ચોર્યાસી તાલુકા દૂધ વેચાણ કરનારી સહકારી મંડળી લિમિટેડ' (ચોર્યાસી ડેરી)માં નાણાકીય ગેરવહીવટ, મિલકતોન મનસ્વી રીતે વેચાણ અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથેની ફરિયાદ સુરતના જિલ્લા રજિસ્ટ્રારને મળતા પ્રથમદર્શીય ગેરરીતિનો મામલો જણાતા રજિસ્ટ્રાર એ કલમ-86 હેઠળ તપાસનો આદેશ આપતા ચકચાર મચી છે. મંડળીના કર્મચારી પછી અરજદાર દિનેશભાઈ એમ. રબારી દ્વારા કરવામાં આવેલી ચોંકાવનારી ફરિયાદોને પગલે સુરત જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા 'ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧'ની કલમ-૮૬ હેઠળ મંડળીના વહીવટ સામે તપાસ સોંપવાનો સત્તાવાર હુકમ કરાયો છે. આ આદેશ થતા જ મંડળીના પ્રમુખ નરેશ પટેલ, ઉપપ્રમુખ બળવંત સોલંકી અને મેનેજર સામે તપાસ શરૂ થઈ છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ડેરીનો મૂળ હેતુ વિસ્તારના પશુપાલક સભાસદો પાસેથી દૂધ એકત્ર કરી તેનું વેચાણ કરવાનો હતો. પરંતુ હાલના સંચાલકોએ ગામડાઓમાંથી દૂધનું કલેક્શન લગભગ બંધ કરી બહારથી ખાનગી રીતે દૂધ ખરીદી કમિશનનો ખેલ શરૂ કર્યો હોવાનું આક્ષેપમાં જણાવાયું છે. ઉપરાંત ડેરીના ચોપડે બોગસ સ્ટોક દર્શાવી દૂધ આવ્યા વગર જ ખોટા બિલો બનાવી લાખો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હોવાનો પણ આરોપ છે. સભાસદોની બચતની રકમો પણ સમયસર પરત આપવામાં આવતી નથી અને રાજીનામું આપ્યા બાદ પણ તેમના નાણાં અટકાવી રાખવામાં આવ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદમાં સૌથી ગંભીર મુદ્દો ડેરીની કરોડો રૂપિયાની કિંમતી સ્થાવર મિલકતોના વેચાણનો છે. જેમાં ડેરીના દૂધ વિતરણ અને મીઠાઈ કેન્દ્રો, વરાછા સ્થિત પુરુષોત્તમ ફાર્મ્સ કમ્પાઉન્ડમાં આવેલા આશરે 1200થી 1500 વાર વિસ્તારના બે ગોડાઉન શેડનું વેચાણ, સુરત રેલવે સ્ટેશન નજીક આવેલી આ કિંમતી જમીનનો બજાર ભાવ કરતાં ખૂબ નીચા ભાવે વેચી દેવાના આક્ષેપની તપાસ કરવામાં આવશે.

કલમ 86 હેઠળ રજિસ્ટ્રારની તપાસ ટીમ આ મુદ્દાની વિગત મેળવશે

(1) દૂધ ખરીદ-વેચાણઃ કાર્યવિસ્તાર બહારથી કરવામાં આવેલી દૂધની ખરીદી-વેચાણની પ્રક્રિયા તેમજ દૂધના બોગસ સ્ટોક અંગેના આક્ષેપોની તપાસ. **(2) ચૂકવણાંઃ** સભાસદોના લેણાં, કર્મચારીઓના બાકી પગાર અને ભથ્થાંની ચૂકવણી અંગેની સ્થિતિની તપાસ. **(3) નાણાકીય સ્થિતિઃ** વર્ષ 2019થી 2026 દરમિયાન મંડળીએ કરેલા નફા-નુકસાનની વાસ્તવિક નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન. **(4) મિલકત વેચાણઃ** વર્ષ 2019થી 2026 દરમિયાન મંડળીની સ્થાવર તથા જંગમ મિલકતોના વેચાણ સંબંધિત વ્યવહારોની તપાસ. **(5) વાહનોનો ઉપયોગઃ** મંડળીના મોટર વાહનોના ઉપયોગ તેમજ ડીઝલ અને મેન્ટેનન્સ ખર્ચમાં થયેલા સંભવિત દુરુપયોગની ચકાસણી.

મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ અને ઉધનાથી દોડતી 13 સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવ્યા

સુરતઃ ઓગસ્ટ મહિનામાં મુસાફરી કરતા મુસાફરો માટે સારા સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા વધતી ભીડને ધ્યાનમાં રાખીને મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ અને ઉધનાથી વિવિધ રાજ્યો માટે સંચાલિત 13 સ્પેશિયલ ટ્રેનોના ફેરામાં વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, બિહાર અને કર્ણાટક તરફ પ્રવાસ કરતા લાખો મુસાફરોને મોટી રાહત મળશે. ટ્રેનોના વધારાના ફેરા શરૂ થવાથી હજારો નવી સીટ ઉપલબ્ધ થશે, જેનાથી વેટિંગ લિસ્ટમાં ઘટાડો થવાની પૂરી સંભાવના છે.

મુંબઈ સેન્ટ્રલથી સુરત થઈને ભિવાની, કાનપુર અનવરગંજ, ઇન્દોર અને અમદાવાદ માટે દોડતી સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન ઓગસ્ટ મહિનાના અંતિમ સપ્તાહ સુધી લંબાવવામાં આવ્યું છે. બીજી તરફ, બાંદ્રા ટર્મિનસથી ભિવાની, ભાવનગર ટર્મિનસ, ભુજ અને વેરાવળ માટે દોડતી સ્પેશિયલ ટ્રેનોના ફેરામાં પણ વિસ્તાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઉધનાથી અયોધ્યા કેન્ટ માટે ચાલતી બે અલગ-અલગ સ્પેશિયલ ટ્રેનો (09090/09094 અને 09097/09098)ના ફેરા પણ ઓગસ્ટના અંત સુધી ચાલુ રહેશે.

બારડોલી આરટીઓએ જપ્ત વાહનોનો લોનનો રેકોર્ડ મંગાવ્યો

સુરતઃ બારડોલી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (આરટીઓ) દ્વારા જપ્ત કરવામાં આવેલા વાહનો સાથે જોડાયેલા ફાઈનાન્સના રેકોર્ડ મેળવવા માટે સંબંધિત નાણાકીય સંસ્થાઓને અંતિમ તક આપવામાં આવી છે. આરટીઓ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે વાહનો પર લોન બાકી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, તેના સંબંધિત અધિકૃત દસ્તાવેજો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત રિપોર્ટ સાત દિવસની અંદર રજૂ કરવાનો રહેશે. જો નિર્ધારિત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં નહીં આવે, તો નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બારડોલી આરટીઓ દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, હાલમાં જે ચાર વાહનોનો મામલો પેન્ડિંગ છે, તે અલગ-અલગ ફાઈનાન્સ કંપનીઓ અને બેંકો દ્વારા ફાઈનાન્સ કરવામાં આવ્યા છે. આ વાહનો સાથે જોડાયેલી સંસ્થાઓમાં ઈન્ડસઈન્ડ બેંક, ઈન્ડોસ્ટાર કેપિટલ ફાઈનાન્સ, મામાપુરા ફાઈનાન્સ અને કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે.

આરટીઓએ જણાવ્યું છે કે આ મામલાઓમાં અગાઉ સંબંધિત સંસ્થાઓને આ વર્ષે 24 એપ્રિલ, 12 મે અને 19 મે 2026ના રોજ નોટિસ ફટકારવામાં આવી હતી.

જોકે, કેટલાક નોટિસ ખોટા સરનામાના કારણે પરત ફર્યા હતા, જ્યારે કેટલાક કિસ્સાઓમાં નોટિસ મળ્યા છતાં પણ કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો ન હતો. આ જ કારણોસર હવે જાહેર નોટિસ બહાર પાડીને સાત દિવસની અંદર જરૂરી તમામ દસ્તાવેજો રજૂ કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

કાગળ પર...

સરવે હાથ ધરવામાં આવ્યું છે, જેમાં પ્રાથમિક તબક્કે જ અનેક વિસ્તારોમાં ખાડી પર મોટા પાયે દબાણો થયાના સંકેતો મળ્યા છે. આ સરવેના આધારે આગામી 10 દિવસમાં પ્રારંભિક રિપોર્ટ મેળવી મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે.

વર્ષોથી સુરતમાં ખાડીપૂરની સમસ્યા યથાવત રહી છે. પરંતુ આ વખતે ચોમાસામાં બે વખત ખાડીમાં પૂર આવતાં સરકાર અને તંત્ર પર ભારે દબાણ ઉભું થયું છે. હાલમાં ચાલી રહેલા ડ્રોન સરવે દરમિયાન ખાડીની વાસ્તવિક પહોળાઈ, કુદરતી પટ, ઊંડાઈ તેમજ બંને કાંઠે થયેલા રહેણાંક અને વ્યાવસાયિક બાંધકામોનું ડિજિટલ મેપિંગ કરવામાં આવી રહ્યું છે. કેટલીક જગ્યાએ સરકારી રેકોર્ડમાં 30 મીટર પહોળી દર્શાવાતી ખાડી હાલ સ્થળ પર માત્ર 12 મીટર જેટલી જ જોવા મળતા મોટા પાયે દબાણો થયાની આશંકા મજબૂત બની છે. ડ્રોન સરવે પૂર્ણ થયા બાદ કલેક્ટર કચેરી અને સિંચાઈ વિભાગ સંયુક્ત રીતે કઈ મિલકતોમાં કેટલું ડિમોલિશન કરવું તે નક્કી કરશે, જ્યારે સમગ્ર ડિમોલિશન કામગીરી માટે જરૂરી મશીનરી અને લોજિસ્ટિક સપોર્ટ સુરત મહાનગરપાલિકા પૂરો પાડશે.

તંત્રના આ અભિગમથી વર્ષોથી થયેલા ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી થવાની શક્યતા વધી છે. આધુનિક ટેક્નોલોજી આધારિત સરવે માત્ર ફોટોગ્રાફી પૂરતો મર્યાદિત નથી. તેમાં પાણીના પ્રવાહમાં અવરોધરૂપ દબાણો, ખાડીની ક્ષમતા, ડી-સિલ્ટિંગની જરૂરિયાત, પ્રોટેક્શન વોલ અને જરૂરી પહોળાઈ સહિતની તમામ બાબતોનું ટેકનિકલ વિશ્લેષણ કરવામાં આવશે. તેના આધારે સમગ્ર ખાડી નેટવર્ક માટે કાયમી એક્શન પ્લાન તૈયાર થશે.પાલિકાના આયોજન મુજબ આગામી 10 દિવસમાં ડ્રોન સરવેનો પ્રાથમિક અહેવાલ તૈયાર થશે, જ્યારે અંદાજે 60 દિવસમાં વિગતવાર DPR રજૂ કરવામાં આવશે. DJI Matrice 300/400 શ્રેણીના હાઈ-એન્ડ ડ્રોન દ્વારા આશરે 35 મિનિટમાં 3થી 4 કિલોમીટર વિસ્તારનું ઉચ્ચ ગુણવત્તાવાળું સ્કેનિંગ થઈ શકે છે. હવે સૌની નજર આ સરવે બાદ તૈયાર થનારા DPR અને તેના આધારે હાથ ધરાનારી મેગા કાર્યવાહી પર ટકેલી છે.

સિંધુનું પાણી...

છે, પરંતુ વરસાદ પડત